8 જાન્યુઆરી, 2004

**ચલણી નોટોના બંડલને પીન લગાડતી બેંકોને દંડ થઇ શકશે**
**આરબીઆઇ**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ વારંવાર જણાવ્યું છે કે પીન લગાડેલા નોટોના બંડલ, બેંક કે તેની શાખાઓએ સ્વીકારવા કે આપવા નહીં. તેમાં પુરવણી કરવામાં આવે છે કે કોઇ પણ સંજોગોમાં બેંક કે તેની શાખા સ્ટેપલ કરેલા બંડલ સ્વીકારશે કે આપશે તો બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની જોગવાઇ મુજબ તે દંડને પાત્ર ઠરશે.

બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 35 એ મુજબ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ગત વર્ષે જ દરેક કોમર્શિયલ બેંક, રીજીયોનલ રૂરલ બેંક અને લોકલ એરિયા બેંકને ચલણી નોટોના બંડલને પીન ન મારવા તેમ જ તેને કાગળની પટીમાં વીંટાવાનો આદેશ કર્યો છે. ઉપરાંત ગ્રાહકોને ઉપર કંઇ જ લખ્યા વિનાની કે વોટરમાર્ક વિનાની નોટ આપવાનું પણ બેંકોને કહેવામાં આવ્યું છે. આમ છતાં ગ્રાહકો પાસેથી અમુક બેંક / શાખોએ જેમાં અર્બન કો-ઓપરેટિવ બેંક, સ્ટેટ કો-ઓપરેટિવ બેંક, ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક પણ સામેલ છે, પીન મારેલ બંડલ આપતા તથા લેતા હોવાની ફરિયાદ આવી હતી. સ્ટેપ્લર કરવાથી ચલણી નોટનું આયુષ્ય ઘટે છે. તેને નુકશાન થાય છે. ગ્રાહકોને આવા પીન મારેલા બંડલ તોડવા મુશ્કેલ પડે છે.

**અલ્પના કિલ્લાવાલા**
**મુખ્ય મહા પ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2003-2004/841**